# સંત મિલન સમ સુખ જગ નાહી...

સંત શિરોમણી શ્રી રામાયણ રચિતા-ત્રિકાળ જ્ઞાની દિવ્યજ્ઞાન દૃષ્ટા મહાત્મા શ્રી તુલસીદાસજીએ મહાકાવ્ય રામાયણમાં સાચે જ દર્શાવ્યું છે કે "સંત મિલન સમ સુખ જગ નાહીં"

સંત કોને કહેવાય ? સંત સંગનું મિલન કોને કહેવાય? તે સંતો-સંતોને જ ઓળખી શકે. સામાન્યજન સ્વાર્થ-કપટી-દંભી-અશ્રધ્ધાળુ-કે ભકિતમાં વિનિમય કે ભકિતમાં ધંધા કરવાવાળું તે કામ નથી કે નામ નથી-

સંત જગતમાં બનતા નથી-તે તો પરંપરાગત જન્મજાત જ સંત હોય છે જ. "સંતનો ક્યારેય અંત હોતો નથી અને જેનો અંત હોય છે તે સંત હોતા નથી". ઉપરોક્ત મહાવાક્ય વડોદરા પાસેનું ભીમનાથ મહાદેવના સાવલીવાળા સ્વામીજીનું છે... સંતનો ક્યારય અંત હોતો નથી એટલે કે તે પરંપરાની એક ભૂમિકા છે. સંતો બ્હાય સ્વરૂપ બદલે છે પરંતુ તેની મહાશકિત- દિવ્યશકિત-દિવ્યભકિતની પરંપરા જ હોય છે. આપણા સંસારમાં આપણા બાપના બાપનો વારસો જેમ સાંભળીએ છીએ તેમ સંતોનું પણ એક આગવું અનોખું દિવ્યજીવન અને તેની પણ વંશ-પરંપરાની પણ એક દિવ્ય સૃષ્ટિ છે. એટલે તો સાચા સંતોમાં જાતિ-નાતિ-ભાતિ, ઉંચ-નીચ કે કોઈ વિરોધાભાસનો કોઈ ભેદ હોતા નથી. એ બધાનો પણ એનું કોઈ નહીં-હોય કોઈ રડ્યો-પડ્યા-ત્યજાયેલો-તિરસ્કૃત થયેલો-છતાંય તે માત્ર સંત હૃદય જ પ્રેમી-ચાહે સંત પંપાળે કે વહાલ કરે મિઠાઈ દે કે પછી મારે કે ગાળ બોલે-ભૂખે રાખે કે માર ખવડાવે છતાં તે સંતનો સંગના છોડે તે જ સંત



પ્રેમી-તે જ માત્ર સત્સંગી-તે જ સંતને લાયક તે જ સંતહૃદય સ્પર્શી પણ આતો વાત થઈ સંતપ્રેમની-પણ સંત કોને કહેવાય?

ભગવાન સદ્ગુરુદેવ રંગાવધૂત ગુરૂ મહારાજશ્રીએ સાચે જ ગાયું છે કે "સંત મહંતનું જીવન એ છે દુખિયાનો વિસામો રે", બ્રહ્માનંદ સ્વામીએ ગાયું કે "સંત પરમ હિતકારી જગમાંહી સંત પરમ હિતકારી"-

ભક્ત કવિ નરસિંહ મહેતાએ એક પદ - ભજનમાં ગાયુ છે કે

## ભગવાન શ્રી સદ્ગુરુનાથ સચ્ચિદાનંદ સ્વરૂપ શ્રી સાંઈનાથ મહારાજશ્રીના આપણે સૌ આત્મસંતાનો ....

દિવાળી અને નૂતન વર્ષ તો સૂર્ય-ચંદ્રની ઘટમાળને ક્રમે નિત આવશે ને જશે... અને આપણે સૌ ભણાયેલા પોપટની જેમ માત્ર મીઠું મીઠું બોલી, મલકી ઉપરના શરીરના ખોખાને જ રાજી કરીએ... પણ... અંતરમાં બીરાજેલા અંતરઆત્મા સાઈ રામને ક્યારેય રાજી કરી હૈયે હરખાવશું.

આવા દિવ્યાત્માઓની ઝાંખીની દિવ્યતા અનુભવવા માટે આપણામાં રહેલા કામ-ક્રોધ-લોભ-લાલચ-રાગ-દ્વેષ-ઈર્ષા જેવા ષડરિપુને તેના પવિત્ર પાવન નામ સ્મરમથી ભવને પેલે પાર મૂળથી કાઢીને સદા નિર્દંભ-નગ્ન-નિખાલસ બાળકની જેમ સદા ખીલતાં રહી તેનાં જ શ્રી ચરણનાદાસ બની સાચા પ્રેમથી તેને પોકાર કરી પ્રત્યેકમાં તેને જ ભાળી-તેને જ નીરખી...બ્રહ્માંડનાં અંશે અંશમાં સચ્ચિદાનંદ શ્રી સાંઈનાથ મહારાજશ્રીના દર્શન કરી કરાવી પછી જ નિત નિતને નૂતન વર્ષાભિનંદનથી નવાજીએ.

"સર્વથા સૌ સુખી થાઓ" એ જ ભાવોર્મિ સહ સદા દાસાનું દાસ.

• જગદીશાનંદ (રંગબાળ)ના જય ગુરુદેવદત્ત સહ જય સાઈ રામ ૐ

(કપડવંજ)

વૈષ્ણવજનતો તેને કહીએ જે પીડ પરાઈ જાણે રે (એ આખુ ભજન-પદ-સંત લક્ષણનું મહાપૂર્ણ દશાનું વર્ણન જ બતાવે છે.)

બધીજ અવદશાનું નિરિક્ષણ કરી જેને જગતનું કલ્યાણ કરવા-જગતને સદ્‌બોધનો ઉપદેશ માત્ર વાણી વૈખરીથી નહીં પણ પોતાના આવરણ થકી જેણે જગતના સ્વાર્થીજનનો દંભ-કપટ-સ્વાર્થી ભાવના ચાબખાનો માર ખાઈ બધુંજ જેને મૌનમાં મોજ માણી સહન કર્યું છે-યાને કે જગતનો ઉધ્ધાર કરવા અસહ્ય વેદના પણ જેને સ્વૈરવિહારથી સદા આનંદમાં રહી જેને સહન કરી લે તેનું નામ સંત-એટલે કે સહન કરે તે સંત... આવિશ્વના કલ્યાણ અર્થે જ વિરંચીએ માનવ જન્મે સંત સ્વરૂપે ઈશ્વરનું દર્શન કરાવે છે. ઈશ્વરનું સત્ય સ્વરૂપનું દર્શન એટલે જ સો ટચનું સોનું... એ સંત જ, સંત ઉપર અનેક જાતના આક્રમણો.. સતામણી કે હિમાલયના પહાડસમ દુઃખોનું... સંકટોનું વંટોળ આવે કે સ્વાર્થીજન સમાજ તેની ઉપર અસહ્ય મારો ચલાવે પણ સાચો સંત ક્યારેય કોઈ દાવો કરતો નથી કે અપકારનો અપકાર કરીને નહીં પણ ઉપકાર કરીને સર્વજન હિતાયના ભાવે તે સદા હેતથી વરસતો જ હોય છે. અને સાચો સંત અવિરત- અથાક-પરદુઃખભંજન ભાવે વર્ષાયજ કરતો હોય છે. કોઈપણ જાતના ભેદ ભાવ વિના મેઘ સમાન જ...

સંતનું લક્ષણ એ છે કે જેના માત્ર વર્તનથીજ તેના માત્ર સંગથી જ નાસ્તિક આસ્તિક થઈ જાય.. કુસંગી... સત્સંગી થઈ જાય.. લોઢું સુર્વણ થઈ જાય... પણ સાચો સંત ક્યારેય મેં આમ કર્યુંને તેમ કર્યું... મેં આટ આટલું દુઃખ વેઠવું કે મેં આટલાને સુધાર્યા કે એવી અન્યને કાર્ય થકી લોભામણીની વાત ક્યારેય કરતો નથી. તેનું મૌન જ તેના સત્કર્મનું જાહેરનામું છે. ભગવાન રંગઅવધૂત મહારાજશ્રીએ પોતાના અમર આદેશમાં સાચે જ ગાયું છે. "એક બીજાને આર્શીવાદ આપો... અભિશાપ નહીં ભલુ ઈચ્છો... ભૂંડુ નહીં રૂડુ કરો કૂડું નહીં મુખમાં અવિનાશી ભગવંત નામ-હાથે સર્વ મંગલ કામ આવી ધારદાર સંતલક્ષણની માર્મિક જડબાતોડ લાક્ષણિકતા બતાવી છે. જેની દૃષ્ટિમાં કોઈ પાપી જ નથી જેની વાણીમાં કટુતા નથી. જેના શ્વાસે શ્વાસમાં પ્રાણી માત્ર પર દયાની દૃષ્ટિ છે... જેના રગે રગમાં સર્વત્ર કલ્યાણની વાંછા વહેતી હોય તેવા સંતોના આંતર સ્વરૂપને કોણ પિછાણી શકે ? સંતની ઉપમા ક્યાસની સાથે સંતકવિ શ્રી તુલસીદાસ મહારાજશ્રીએ સુંદર છણાવટ કરી છે. સંતો સોયનું કામ કરે એટલે કે પ્રેમના તંતુથી સર્વને સાંધવાનું જ્યારે જગતના સ્વાર્થીજનો સંત પ્રેમને સંત ભકિતને સંતની આંતરદૃષ્ટિને ન ઓળખી શકતાં તે સ્વાર્થીજનો કાતરનું કામ કરે છે એટલે કે સંત સગાઈને સંત જગતના પ્રેમને કાપવાનું કામ કરતાં હોય છે. પણ સંત એટલે સંત... શેરડીના સાંઠા જેવું-શેરડીનું સાંઠુ ઉપરથી ગમે તેટલું વાંકુ-મેલું કે અણગમતું દીસે પણ અંદરનો મીઠો અમૃત રસજ વહેતો હોય-જેનું આવું વિશાળ હૃદય હોય તેને સંતજ કહેવાય કે એ પોતે પોતાની જાતને પીલાઈ નાંખે છે અને જગતને અમૃતનો પ્રેમ રસનો પ્યાલો પીવડાવે છે... મારા બાળ સંતહૃદય નવનીત સમાના... માખણ જેવા તદ્દન મુલાયમ સ્વભાવના હોય છે. કાપો તોયે ક્રોધ ન કરતું, વૃક્ષ સમાન ઘા સહન કરે પણ ઘા કરેના કોઈને..

હવે મિલન તરફ જઈએ... સંત મિલન... મિલનનો અર્થ છે મળવું... મુલાકાત થવી... પ્રત્યક્ષ મળવું... સાથ જોડવો... ભેગા થવું... નજીક આવવું... પણ મારા બાપ માત્ર મળવાથી કશું જ પ્રાપ્ત થતું નથી. સંત મિલન થવું એ તો મારા બાપ કોડ જનમના પુણ્ય હોય તો સંતમિલન થાય... સંત મિલન થાય પણ સંતનું સાચું સ્વરૂપ ન ઓળખાય તો એની સાથે મળ્યાનો કે એની સેવા કર્યાનો કે એની સાથે ફર્યાનો શો અર્થ... ઘણા...સજ્જનો તો સેવા એવા સિધ્ધ મહાપુરૂષો સાથે ફર્યા હોય કે પ્રવાસો કર્યા હોય.. કે સંતની દરેક પ્રકારની સેવા કરી હોય સંતો સાથે પાસા ઘસીને રાતોની રાતો સેવામાં વિતાવી હોય કે સંતો વિશે કેટલાંક વાણી વિખૂટી કરી સંત મિલનની પોતાની હાંકે રાખતાં હોય પણ જેને સંતના સંત લક્ષણનો તેનામાં ગ્રહણ ન થયા હોય તો મારા બાપ... એ મિલન શા કામનું કહેવાય છે કે જેણે સંત સાથે સાત ડગલાં પણ જો મ્હાણ્યા હોય તો સંત મિલનનું મહાસુખ તેને પ્રાપ્ત થાય છે જ... પણ સંત મિલનના જીવનસાથીનું જીવન કેવું થઈ જાય... એ તો

સંતમિલનના સહવાસીના સહવાસથી આપો આપ નીરખાઈ જાય. સાચું સંતમિલન... સંત જેવા નિખાલસ... સ્પષ્ટવક્તા... નિર્ભય... સદાજાગૃત... બાહોશ ચપળને નિર્દંભ... નિસ્વાર્થી... નિષ્કપટ... રાગદ્વેષ... ઈર્ષા રહિત હૃદયભાવ ધરાવતી વ્યકિત જ સંતમિલનને મહાણી શકે છે. અને જેવા સંતનું મિલન તેણે કર્યું હોય તેવા સંતનું આંતર-બાહ્ય હાવભાવ બદલાઈ જાય... તો જ જે તે વ્યકિતએ સંત મિલન કર્યું છે તેવું માની શકાય... બાકી સંત મિલનવાળાની નામોની યાદી કરીએ તો બ્રહ્માજીને પણ એક વાર વિચાર કરવાનો વારો આવે... સંતના મિલન માટે જગતના દરેક જીવો સંતો પાસે જાય છે. પણ જે તે જનારાના મનો ભાવ તે સંત જેવા હોતા નથી... કેટલાક પોતાના ભૌતિક સુખો માટે... કેટલાંક સંતાન પ્રાપ્તિ માટે... કેટલાક માત્રને માત્ર પોતાનો સ્વાર્થ સાધવા જ (સ્વાર્થ સંધાતા સંતની નનામી કાઢી જ સમજો હા ) કેટલાંક રાજકીય તત્વોનો લાભ લેવા કેટલાંક ફલાણાથી લાભ લેવા કે(પહેલા સંતને જાણે બધા પોતાના જ છે તેવો ભાવ વ્યકત કરી પછી જેતે સંતો જગતમાંથી ધૂતકરો કરી કરાવી... પાયમાલ કરવાનો નિષ્ક્રીય પ્રયાસ જ) ટૂંકમાં સંતમિલન શા માટે કરીએ છીએ એ તો સંતમિલન કરનારા પોતાના ન હોય.

આપણે બધાંજ જાણીએ છીએ કે વાલીયો લૂંટારો હતો. પણ તેનું માત્ર ને માત્ર ક્ષણિક નારદ સંત મિલન થાતા જુઓ તો ખરા એક વાલીયા લૂંટારામાંથી એક વાલ્મીકી ઋષિ થઈ ગયા. તો આનું નામ સંત મિલન... સંત મિલન થાતાં જ આપણી મનોભોગ... વાસના ભંગ... અને વૃત્તિભંગ થઈ જાય. મન વાણી, બુધ્ધિ, ચિત્ત શકિત જે જુગ જુગની વાસના રૂપી મેલી હતી તે સંતમિલન થાતાં સુધ-બુધ ભૂલાવે. સંતમિલન થતામાં જ બહારની સૃષ્ટિ દૂર થાય ને આંતરદૃષ્ટિ ખૂલી જાય. હું કોણ છું ? તેનું સહજ ભાન થઈ જાય. તે પણ સંતની મૌનની ભાષામાં જ...!

સંતમિલન થવું સહજ છે પણ સંતમિલનથી જે સંતમાં તે આપણામાં આપણી જાતનું સ્વયંમિલન થયું કે નહીં તે સ્થાપવું ખૂબ જ અઘરું છે મારા બાપ આજકાલતો સંત મિલન માત્ર પોતાના સ્વાર્થ સાધવા પૂરતું જ હોય છે રંગ ભક્ત રંગ અંતેવાસી પૂ.શ્રી ગોવિંદભાઈ પોરવાળાએ અવધૂત સ્મરણમાં-

"સ્વાર્થની સહું જગની યારી
સ્વાર્થ સંધાતા બને એ ન્યારી
મારા અવધૂતની યારીમાં
સ્વાર્થી હોય નહીં",

સંતમિલન કરનારામાં સ્વારથ સદા જાગતું હોય છે પણ સંત હૃદય તો મારા બાપ... નિઃસ્વાર્થ..

સદા પરજન હિતકારી... સદા પર દુઃખ ભંજન... જ હોય છે.

સંત મિલન જેને જેને થાય તેનું કાંઈક ને કાંઈક જીવનમાં યાને કે તેના હૃદય ભાવનું મંથન બદલાઈ જાય જ. અને જો જનહિતાય કંઈક કરવાની યાને કે કાંઈક ત્યાગવાની કંઈક બલિદાનની કંઈક સર્મપણ કરવાની ભાવના ન જાગે તો સમજવું માત્ર બાહ્ય શરીરથી સંતમિલન થયું છે પણ સંતના હૃદય સુધી આપણે પહોંચ્યા નથી.

કેટલાંક માત્ર કહેવાના ને કહેવાના તક સાધુઓ કવિઓ વિદ્વાનો સંત વિષે કે સંતમિલન વિષે કે ધર્મના નામે કે કોઈ વિષયને પકડીને પોથા પોથી લખત અંદરો અંદર માન-સન્માન-પુરસ્કાર પ્રાપ્ત કરશે-સંત સાથે હરે, ફરે. ઉપર હાથ મૂકી સત્ય દર્શન કરે તો જ ખબર પડે કે આપણે કરેલ સંતમિલન સત્ય છે કે અસત્ય...પણ યાદ રાખો સંત મિલન કરનાર જેતે વ્યકિત ભેદી હોય પણ સંત હૃદય ક્યારેય ભેદી હોતું નથી. સંત હૃદય અદ્વૈતવાદી

સત્ય સ્પષ્ટ વકતા અને નિર્ભય હોય છે તેથી જ સંતમિલન કરનારને સંત મિલનથી સાચું સુખ કે સંત હૃદયનું સત્યદર્શન ક્યારેય થતું નથી અને સાત જનમમાં ક્યારેય થશે પણ નહીં ચાહે જે તે વ્યકિત દુનિયાનો માત્ર ને માત્ર કહેવાતો બહારથી ભલેને બ્રહ્મા જેવો ભોળો લાગતો હોય કે બાહ્યાડંબરથી દુનિયાનો શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ધનાઢ્ય કે શ્રેષ્ઠ ધર્માધિકારી કે મારા જેવો માત્ર મારા જેવો બહારથી સફેદ વસ્ત્રધારી .મારા જેવો ટોપીઓ બદલી કે બદલાવી કે મારા જેવું માત્ર લોકને રાજી કરવા વાણીવૈખરીથી સારું સારું બોલી. મોટી મોટી ધર્મસભાને કે તેની આગળ -પાછળ માત્ર તેની જ ટોળીને વાહ વાહથી મઢીકે મઢાવી મેં જ માત્ર આમ કર્યું ને તેમ કર્યું કહેવાય કે કહેવડાવીં, માત્ર વાણી વૈખરીથી

જન હિતના કામ કરી- કરાવી જ્યાં ત્યાં રૂપિયાની વણઝારને આપી- અપાવી તેમાં ક્યારેય સંતમિલનની સુવાસ મહેંકતી નથી. ભગવાન સદ્દગુરૂદેવ શ્રી રંગાવધૂતજી મહારાજ શ્રીના સંતમિલનમાં આવા તો કેટલાંયે જીવાત્માઓ આવી ગયા હશે ને હજી આવતાયે હશે. પૂ. બાપજી કહેતા નારેશ્વર તો અવધૂતનો ખુલ્લો દરબાર છે અહીંયા તો કેટલાય આવ્યાને કેટલાયે આવશે અહીંયા આવનાર બધાએ સંત હોતા નથી. અને સાચે જ જેણે આવા અલગારી અલમસ્તી ઓલીયાનું મિલન થયું છે. અરે જેને મિલનને મ્હાણ્યું છે તેવા નામી અનામી કેટલાયે સાચા સંતોમાં તેની ગણના થતાં એ જ અવધૂત મિશનનું કાર્ય આજે પણ દંભ વિના દેશ-પરદેશમાં ગૂંજતું રહે છે...એ સંતમિલન એવું તો કેવું થયું હશે કે જે તે આવા નિરાભિમાની સંતોનાં શ્રીહૃદયમાં એ જ બિરાજમાન થઈ પોતે પડદા પાછળ રહી એજ સંતમિલનની સુવાસ આવે પણ એજ મ્હેંકાવી રહ્યો છે. પણ તેમના અંગત જીવનમાંથી... મુખમાંથી... વર્તનમાંથી કે આંખમાંથી ક્યારેય રાગ... દ્વેષ... ઈર્ષા કે મુખમાંથી કટુતા કયારેય દૂર થઈ હોતી નથી.. સંતમિલન જો થઈ જાય તો મારા બાપ એને કહેવાની જરૂર ક્યારેય પડતી નથી કે મેં ફલાણા ફલાણા સંતને સેવ્યા કે તેમની ખૂબ સેવા કરી કે વગેરે વગેરે કોઈ શબ્દ ઉચ્ચારવાનો વારો કયારેય આવતો નથી કોઈ સંત કવિએ સાચેજ ગાયું સંગમાં... સંતોના સંગ જેવો બીજો કોઈ સંગ નથી... સંત મળે તો મહાસુખ માણે આવા જો સંતોની વાતો બે કરીએ અરે મારા બાપ... સાચા સંતમિલનથી શું નું શું ન થાય તે શબ્દની ભાષાની કે વાણી વૈખરીની વાત જ નથી. જેમ કોઈ ગર્ભવતી સ્ત્રી જેવું ચિંતન કરે તેવું બાળક અવતરે તો મારા બાપ આપણે દરેક સાથેના મિલનમાં જેવો ભાવ પ્રગટ કરીએ તેવું સામેથી વર્તાવ મળે તો સંસારના સ્વાર્થી મિલનમાં આવા ઘા પ્રત્યાઘાતો પડે છે તો મારા બાપ આપણે સંતમિલનની વાત કરીએ છીએ. સંતનું હૃદય આરસી જેવું સ્પષ્ટ તદ્દન સ્વચ્છ હોય છે તેથી જ આપણા જેવા જ માનવ જેવા લાગતા હોવા છતાંયે આપણામાં ને સંતમાં અંદર-બહારથી આભ જમીનનો તફાવત જોવા મળે છે. જો કે સંસારી સ્વાર્થી જીવો સંતની આસપાસ હરતાં-ફરતાં હોવા છતાંયે સંતોના સ્વભાવમાં કોઈ ફરક પડતો નથી પણ મારા બાપ આપણે મૂયાએ સંત પાસેથી કાંઈ લેતાં નથી કે શીખતાં નથી. કારણ કે સંત સાથે હરવા ફરવામાં કે સંત પાસે રહેવાથી સેવા કરવામાં પણ મનના કોઈક ખૂણેખાંચરે કાંઈક સ્વાર્થ રહેલો હોય છે. ક્યાંક દંભ હોય છે ક્યાંક કપટ હોય છે ક્યાંક સેવામાંથી કાંઈક લૂંટવાનો લેવાનો ડોળ હોય છે સમર્પણ ભાવને બદલે વિનિમય હોય છે. એથી જ સંતની નિકટ હોવા છતાંયે આપણે તેના હૃદયથી દૂર હોઈએ છીએ એટલે કે પાસ. પાસે પણ જન્મોજનમ દૂર હોય છે તેથી

નથી. તો મારા બાપ વિચાર કરો કે સંત મળવા સહેલા છે. પણ સંતમિલન થવું ખૂબ જ મુશ્કેલ છે. હવે વિચારો કે આપણે જે તે સંતોના તીરથધામ કે જે તેસંતની ગાદી કે તેમના આશ્રમમાં જઈએ છીએ તો ઉપરનું વાંચ્યા પછી કાંઈક મંથન કરવાનું કે કાંઈક વિચારવાનું મનમાં આવે છે ખરું સાચા સંતનો ક્યારેય અંત હોતો નથી, તો આપણે જે તે સંતના આશ્રમે જે તે સ્થાને સ્થળે જઈએ છીએ તો શા માટે જઈએ છીએ જે તે સંતનું જીવન દર્શન કર્યા પછી તેમનો સત્સંગ થયા પછી અથવા તો જે તે સ્થાને વિચરણ કરી આવ્યા પછી આપણામાં કાંઈક જીવન અંતરપટ રંગવાની રાગ-દ્વેષ ઈર્ષામાંથી બહાર આવવાની અથવા તો જે તે સંતે સમાજ માટે પશુ-પંખી માનવનું કલ્યાણ કરવા માટે જેને આપણે ગ્રંથ દ્વારા તેના વર્તનદ્વારા જે કંઈક શીખ આપી તેને ક્યારેય આપણે આપણા અહમ્‌ને દૂર કરીને નિસ્વાર્થ ભાવે નિષ્કપદ ભાવે નિષ્કામ ભકિત ઉપાસના કરી સંતે ચિંધેલા માર્ગે જીવનને પલટાવવાનો ક્યારેય વિચાર કે તે પ્રમાણે વર્તવાનું ક્યારેય કલ્પનામાં આવે છે ખરું...

એક ઉદાહરણ લઈએ સાંઈનાથ મહારાજ કીડીયારું ભરતાં. અરે પોતાની જીર્ણ મંદિરમાં આવનાર માટે પાણીનું માટલું ભરતાં, બાગકામ કરતાં, ઝોળી લઈને એ જ્યાં પહોંચતા ભીક્ષા માંગતા ને ઝોળીમાં જે આવ્યું તે દરિદ્ર નારાયણોને, પશુ, પંખીને પ્રેમથી જમાડતા વગેરે વગેરે

સંતમિલનાર્થીના વિચારો જ્યાં શુન્ય થઈ જાય. જ્યા કશું પૂછવાનું સાંભળવાનું કહેવાનું માંગવાનું અરે કંઈ જાણવાનું પણ રહેતું ન હોય આવી જ્યારે સહજ અવસ્થા થઈ જાય ત્યારે માનવું કે આપણને સંતમિલન થયું છે અને જ્યાં કશું જ સ્વનું પણ ભાન વિસરાઈ જાય જ્યાં વિચાર પણ શૂન્ય થઈ જાય ત્યારે માનવું કે આપણને મહાસુખ પ્રાપ્ત થયું કે મહાસુખ મેળવ્યું કે મહાસુખ મહાણવાના પગથિયે આપણા પગના આગળના માત્ર ટેરવાં જ અડયા કહેવાય, આપણે મહાસુખને આપણી મહેચ્છાઓ પૂર્ણ થાય તેનેજ મહાસુખ કહીએ છીએ કે કોઈ સંત પાસે જઈએ છીએ કે આપણે ત્યાં પધરામણી કરાવીએ છીએ. કોઈ સૂકો મેવો લઈ જાય કોઈ ફૂલહાર —મેવા મીઠાઈ લઈ જાય કોઈ સંત સાધુ મારા જેવો લાલચુ લોભી હોય તો તેને રૂા. કવરથી નવાજી મખમલના ગાલીચામાં બેસાડી કે ચાંદીના હીંચકે ઝૂલી-ઝૂલાવી પોતાનો સ્વાર્થનો ઊભરો કાઢી કઢાવી પોતાના સગા સબંધી — મિત્ર મંડળ - આડોશી પાડોશીને ભેગા કરી માત્રને માત્ર દરેકનો સ્વાર્થ સાધવા જ એમ બે ઘડી ખાણી- પીણીથી હસી-હસાવીને મોજ મજા માત્ર ઉપરનાં જ ભપકાથી કરી બંને પક્ષે ખૂબ જ આનંદ આવ્યો તેમ બોલી બોલાવી પોતાનો સ્વાર્થ સાધવાના પ્રશ્નોત્તરી કરી કે પ્રભુ આ મારો સગો ધંધામાં ખૂબ ખોટ ગઈ છેને હવે મારે ને એને મરવાનો વારો આવ્યો છે.. પ્રભુ આ મારી દીકરી લગ્ન ગોઠવાનું નથી. આને છૂટા છેડાનો પ્રોબલેમ...આ મારો ખાસ મિત્ર — જોકે બેનંબરીયો છે. ધણા ખૂનો કર્યા છે ને ધણાની જમીનો પચાવી હાલ બિચારો જરા મુશ્કેલીમાં છે... આ મારો અંગત... કોર્ટ કેસ ચાલે છે ને કરોડોમાં ડૂબી ગયો છે... આ ભાઈને જમીન વેચાતી નથી. આ ભાઈનો ધંધો ચાલતો નથી. બાપુ યાદ રાખજો આનો કેસ એ જીતી ગયો તો હમજી લેજો એની સાથે તમારો બંગલો સાચો જ અરે યાર તમારું છે ને તમને આપવાનું છે ને પણ તે પહેલા મારા આ અંગત સગા છે તેની મિલ- ફેકટરી- કારખાનું બધુ યે વેચાણ કાઢવું છે બાપુ ગમે તેમ કરી બધું બચાવી લ્યો એટલે એય અમારે મહાસુખ... (ઉપરની તકલીફોનો માત્ર સ્વાર્થ સબંધની જો તેવી સમસ્યાઓ લખીને જણાવું તે તો આખા અંકોના અંકો ભરાઈ જાય પણ આટલેથી જ સ્વાર્થ બે નંબરીયા ભક્તોનું મહાસુખ કે સંતમિલન કેવું હોય છે તેનીજ વાત કરું છું)

સંત પાસે જઈએ એટલે મારા બાપ...હું આમ છું ને તેમ છું. આટલો પૈસાવાળો છું . આટલી સત્તા ધરાવતો છું ને બાપુ આપણી તોલે તો કોઈએ ય પણ ન આવે વગેરે વગેરે પેલા કાળા કાગડાની માફક માત્ર કા-કા કરતો હોય છે સંતના સાંનિધ્યે રહીએ તો મારા બાપ જેવો સંત હોય તેવો નિર્મળ, નિ:સ્વાર્થ, નિ:દંભ, નિખાલસ સહજના આવવી જ જોઈએ. પણ મારા બાપ જન્મ જાત સંસ્કારો કેમે છુપાતા નથી.

આપ જ વાચકો આટલું વાંચયા પછી આપણે પોતે જ આપની જાતને જ પ્રશ્ન પૂછો કે હું સંત પાસે કે જે તે તીરથધામ કે મંદિર-મહાદેવ કે પૂનમ ભરવા જ્યાં ત્યાં શાથી દોડ કાઢું છું (જો જવાબ માત્ર હું શૂન્ય થવા માટે જ તીરથ-દર્શન-મહાદેવ-કે સંતમિલન કરું છું તેવા આવે તો સમજવું કે હવે તમારે કયાંયે ભટકવાની જરૂર નથી.)

ભગવાન સદ્દગુરૂદેવ સંગાવધુતજીએ સાચે જ અવધૂતી આનંદમાં ગાયું છે કે "ઘટેમાં ગંગા-ઘટજો જમના ઘટેજો સાલેમ ભાઈ-બાહીર સબજગ પથ્થરપાની ભટક ભટક ઘર આઈ, તીરથ કહાં જાને મેરે ભાઈ"

ભગવાન સદ્દગુરૂ સાંઈનાથ મહારાજશ્રીએ પણ પોતાના ચરણના બંને અંગૂઠા માંથી ગંગા નીર વહાવીને તે પોતેજ તીરથના શ્રી દેવ છે તેવી અનુભૂતી દાસગણુંને કરાવી હતી.

આ કલિકાળમાં સંત મળવા અધરા છે અને મળેતો સંતમિલન થવું અધરું છે અને સંત મિલન કદાચ થઈ જાય તો તેના જેવા થવું અધરું છે અને કદાચ મારા જેવાની ડગરી ખસી જાય તો તેને આવા કટપી-સ્વાર્થી-દંભી માત્રને માત્ર વેપારી વૃત્તિ ધરાવતા વૃત્તિ-પ્રવૃત્તિઓ સાથે જીવવું અધરું છે. કારણ કે સંતોને તો મારા બાપ-નિર્મળ-નિર્દંભી- નિ:સ્વાર્થી નિખાલસ સ્વભાવવાળા સંતોજ સંતને ઓળખી શકે. કોઈ સારા કપડાં પહેરી-સારું સારું મોઢેથી બોલી-બોલાવી-સંતની માત્ર ને માત્ર વાહ વાહ કરી એણે આમ કર્યું ને તેમ

કર્યું એવી પબ્લીસીટી કરી-કરાવી સંતની નજીક રહેવાથી — કહેવડાવવાથી ક્યારેય પણ સંત મિલન કે મહાસુખ કોઈને પણ મળ્યું નથી કે મળશે પણ નહીં.

સંતમિલનમાં એકવાર સંતની નજરમાં આવી ગયાને પછી ક્યારે તેને તે કોઈ ન મળે. ક્યારેય કોઈ વાત પણ ન કરે ને દુનિયાના એક ખૂણામાં ચૂપ-ચાપ બેસી રહેને તો પણ તે મહાસુખ મ્હાણેજ સૂંઠના એક ગાંગળે ક્યારેય ગાંધી ન થવાય મારા બાપ-એ મહાસુખ એટલે આપણે મહેચ્છાઓનો પ્રવૃત્તિઓનો આપણા બાહ્યાડંબરનો — આપણામાં રહેલાનો મૂળથી નાશ થયો. આપણી માંગણીઓ મૂળથી મરી જાય આપણી વૃત્તિ થઈ જાય "તારે શરણે થાવું, સ્થિતપ્રજ્ઞતાના લક્ષણો સહજ પ્રાપ્ત થઈ જાય એ જ મહાસુખ.

"સંત મિલન સમ સુખ જગ નાહીં" એ મહાસુખ એટલે જ મહાસતી મદાલસાએ પોતાના નાના પુત્ર અલર્કને જે ચિઠ્ઠીમાં લખીને આપ્યું હતું તે

સંગ છોડવો સર્વદા બને
ન જો કદી એમ
સંત સંગ કરવો સદા,
તારે સંતો તેમ
(ગુ.૩૩અ,૧૧ દો.)

કામ સર્વથા ત્યાગવો,
બને એમના જાણ,
મોક્ષ કામ વરસો સદા,
કેવળ સૌખ્ય નધાન
(ગુ. ૩૩ અ.૧૨ દો.)

જગદીશાનંદજી (રંગબાળ)


સાંઈ શ્રદ્ધા ક્લાસિફાઈડ

અમારી સ્પે. વેરાઈટી
ખમણ-ખમણી, પાતરા-પાતુડી,

સંદેશ તથા દિવ્યભાસ્કર
દૈનિકમાં